NAYARA
ENERGY

**PRESS COVERAGE:**

**PUBLICATION NAME: JAMNAGAR UDAY (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 10-07-2018**
**PAGE NO. 02**
**TOTAL SQ. CM. 271**
**TITLE:** ***Nayara Energy Limited provides guidance to students about safety measures in natural and human being adversity***

---

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા વિદ્યાર્થીઓને "આપત્તિ સમયે સાવચેતી" અંગે અપાયું માર્ગદર્શન

## ખંભાળિયા પથંકના ૧૯૨૯ વિદ્યાર્થીઓ અને ૪૦ શિક્ષકોએ લાઈવ ડેમો દ્વારા જાણકારી મેળવી

જામનગર :નયારા એનર્જી લિમિટેડએ શાળા સલામતી સપ્તાહનીઉજવતી અંતગર્ત ખંભાળિયા પંથકની પાંચ શાળાઓનાઆશરે ૧૯૨૯વિદ્યાર્થીઓતથા ૪૦ શિક્ષકોને કુદરતી કે માનવસર્જીત આપત્તિ સમયે સાવચેતી રાખી કઈરીતે સુરક્ષિત પગલાં ભરીશકાય? એ અંગેનું માર્ગદર્શન લાઈવ ડેમોમારફતે આપવામાં આવ્યું હતું.

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થા સત્તામંડળના આયોજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારાશાળા સલામતિ સપ્તાહની ઉજવણીકરવામાં આવીહતી.



નયારા એનજી લિમિટેડ દ્વારાશાળાઓનાવિદ્યાર્થીઓને આપત્તિ સમયે શું–શું સાવચેતી રાખીશકાય એ અંગે માર્ગદર્શનઆપવામાં આવતાવિદ્યાર્થીઓતથાશિક્ષકોએ તેમનો લાભ લીધોહતો.

આ ઉજવણીમાં વાડીનારમાં આવેલી નયારા એનર્જી લિમિટેડએ જોડાઈ ખંભાળિયા પંથકનીપાંચ શાળાઓમાં માર્ગદર્શક કાર્યક્રમો યોજયા હતા. જેમાં વાડીનાર પ્રાથમિક શાળા,વાડીનાર ધાર વાડી પ્રાથમિક શાળા,નાના આંબલા પ્રાથમિક શાળા,ઉગમણાબારાની સરકારી સેકન્ડ્રી સ્કૂલ અને ખંભાળિયાનીદા.સુ. ગર્લ્સ હાઈસ્કૂલનો સમાવેશ થાય છે. આ શાળાઓમાં આશરે૧૯૨૯વિદ્યાર્થીઓતથા ૪૦ શિક્ષકોએ કુદરતીતથા માનવસર્જીત આપત્તિ વખતે રાખવી જોઈતી સાવચેતી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

નયારા એનર્જી લિમિટેડના ફાયર વિભાગના તાલીમથી સુસજજ થયેલા જવાનોએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આધુનિક સાધનો અને ઘરઉપયોગી સાધનોવડે લાઈવ ડેમોયોજી કુદરતી કે માનવસર્જીત આપત્તિવખતે તાકીદના ધોરણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ અને તે માટે કઈ પ્રકારની તકેદારી રાખવી જોઈએ તે અંગે વિગતવાર માર્ગદર્શનઆપ્યું હતું. કંપનીના તાલીમબદ્ધ કર્મચારીઓએ આપેલા માર્ગદર્શન અને પ્રશ્નોત્તરીના સંતોષકારક ઉત્તરથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ નયારા એનર્જી લિમિટેડનો આભાર વ્યકત કર્યો હતો.